# જૈન ધર્મની પ્રાણી કથાઓ

જિનશાસનની અજબ અજાયબીઓ પૈકી કેટલીક વિગતો અનોખી છે. દેવ, માનવ, સ્રી પોતાના કલ્યાણની પરંપરા ઉભી કરી શક્યા છે. પરંતુ અહીં તો તિર્યંચોની પણ ધર્મ પ્રગતિ અને કલ્યાણની પરંપરા જોવા મળે છે. શ્રમણ અથવા શ્રમણોપાસક પાસેથી ધર્મ સાંભળી. ધર્મમાર્ગ પામી પશુ પંખીના જીવાત્મા પણ ગતિ પલ્ટો  કે મતિ પલ્ટો મેળવી છેક સ્વર્ગ કે મોક્ષ સુધીના સુખને સપ્રાપ્ત કરી ગયા છે. જેની નોંધ જૈન ઈતિહાસવેતાઓએ સપ્રમાણ ઘટના–ઉદાહારણો અને દ્દષ્ટાંતો સાથે લીધી છે.

તિર્યંચ ગતિના કહેવાતા ક્ષુલ્લક ભવમાં પણ જિનવાણીના શ્રવણે કે જિનધર્મના પરિણામને પ્રાણીઓ પણ દેશવિરતિ નામના શ્રાવક યોગ્ય પાંચમાં ગુણઠાણાને પામી જાય, છેક આઠમા સહસ્રાર દેવલોક સુધીની પ્રગતિ પામી કે સદા માટે ક્ષુલ્લક ભવો સમાપ્ત કરી મનુષ્ય ભવ મેળવી મોક્ષ મંઝિલને મેળવી જાય તેવી ઘટમાળો ભલે આશ્ચર્યકારી લાગે તોય સત્ય છે, સામાન્ય છે અને સહજ પણ–કારણ કે
“ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।”

## (૧) આપ્યો નવકાર ને કર્યો ઉદ્ધાર

આ અવસર્પિણી કાળના વીસમા તીર્થપતિ મુનિસુવ્રતસ્વામી પ્રભુના શાસનકાળ દરમ્યાન દંડક રાજાના પ્રમાદ–વિલાસના કારણે સ્કંદકમુનિ આદિ પાંચસો સાધુઓની ક્રુર હત્યા પાપીપાલકે કરી નાખી. સ્કંદકાચાર્ય તો અગ્નિકુમાર દેવ બન્યા ને પોતાના અપકારી તરીકે દંડક રાજાને મુખ્ય જાણી અગ્નિપ્રક્ષેપ કરી બાળી નાખ્યો આર્ત–રૌદ્ર ધ્યાનમાં મરી તે જ દંડક રાજા સાધુ હત્યાના ગોઝારા પાપોના ભારથી ભારે તુચ્છ ગતિઓમાં ભટક્યો. તે પછી કર્મો કંઈક હળુ પડતાં દુર્ગંધી દેહ તથા રોગયુક્ત કાયાવાળો ગીધ બન્યો, નામ પડ્યું જટાયું. વનમાં વિચરતા સુગુપ્ત મુનિના દર્શન માત્રથી જાતિસ્મરણ જ્ઞાન પ્રગટી ગયું. અને પૂર્વ ભવોની કપરી દશાઓ દેખી વૈરાગ્યવંત બની ગયો.

મુનિરાજની સ્પર્શૌષધિના પ્રભાવે નિરામય થઈ જઈ, માંસાહાર ત્યાગ તો ઠીક પણ રાત્રિભોજનનો પણ ત્યાગ કર્યો. તિર્યંચ છતાંય વિરતિવંત બનવાના કારણે શ્રી મુનિ મુખે હકીકત જાણી શ્રીરામે તેને પોતાનો સાધર્મિક બનાવ્યો, અને રથમાં રાખી વિચારવા લાગ્યા.

એકદા જ્યારે રાવણે સીતાનું હરણ કર્યું ત્યારે સતી સીતાની રક્ષા માટે શાંત તે જટાયુએ ક્રોધાવેશમાં આવી રાવણ જેવા શુરને પણ ઝપાટામાં લઈ ધારદાર નખોથી છાતીમાં પ્રહારો કરી દીધા. રાવણે પણ તેની બેઉ પાંખો ખડ્ગ વડે કાપી નાંખીને પૃથ્વી ઉપર પછાડી દઈ સ્વયં સીતા લઈ ભાગ્યો. સીતા રક્ષા માટે જાનફેસાની કરનારા આ જ જટાયુને શ્રીરામે મૃત્યુવેળા નિકટ જાણી નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો અને અંતકાળની સમાધિ અપાવી. દેહ ત્યાગ થયો અને તે સાથે જ જટાયુ નવકાર પ્રભાવે પાંચમા દેવલોકનો દેવ બની ગયો.

# (૨) પુણ્યશાળી પોપટની પ્રગતિ

નગર હતું કલ્યાણ કટક ને રાજા બલ્લોલ. તેના મંત્રી સત્યકિની પુત્રી વિદ્યુન્મુખીને એક પોપટના જીવ સાથે પ્રાણ–પ્રીતી થઈ જવા પામેલ, જેથી નિત્ય હથેળીમાં રાખી તેને રમાડતી. નમ્રતા અને નર્મતા દેખી તે પોપટનું નામ રાખ્યું નર્માકર. એક દિવસ વિદ્યુન્મુખી પોપટ સાથે પ્રભુ આદિનાથના જિનાલયે દર્શન કરવા ગઈ અને તેણીની પૂજાવિધિ જોઈ જાણી પોપટે પણ મનોમન સંકલ્પ કર્યો કે નિત્ય પ્રભુદર્શન કરવા. પણ તેના મનનો વિચાર મનમાં જ રહ્યો અને અતિ ચપળ–ચંચળને ચબરાક હોવાથી મંત્રીપુત્રી બીજે દિવસે તેને લીધા વગર જ દહેરે ગઈ. પૂજા કરી પાછી વળીને પોપટને પિંજરામુક્ત કરી આહાર આપ્યો. પણ પોપટ તો પાંખો ફફડાવી ઉડ્યો અને જિનાલયે જઈ પ્રભુના દર્શન–વંદન–અર્ચન કરી પાછો આવ્યો. પ્રતમ વાર પોતાની પાસેથી ઉડી ગયેલ પોપટના વિરહમાં પાગલ બની ગયેલી મંત્રી પૂત્રી અધીરી બની ગઈ. રાગ દ્વેષમાં ફરેવાઈ ગયો. રખે પોપટને બાજબિલાડા, ગીધ કે હિંસક પ્રાણી–પક્ષીઓ મારી નાખે તેવા ભયમિશ્રિત ભાવમાં ભયંકર બની વિદ્યુન્મુખીએ પોતાના હાથે જ પોપટની પાંખો છેદી નાખી. લાચાર બની ગયેલ પોપટે પણ રૂસણાં લીધાં અને આહારત્યાગ કરી દીધો, મૌન સાથે આદેશ્વર પ્રભુના સ્મરણ કરવા લાગ્યો.

પંખીના તુચ્છાવતારમાં પણ દર્શન–પ્રતિજ્ઞાની ટેક રાખી ત્રણ દિવસ ભુખ–તરસ સહન કરી પ્રાણનો ત્યાગ કરી નાંખ્યો, પણ હૈયામાં હિતકારી પ્રભુ–ભક્તિ વસેલી હતી તેથી તરત પછીના જ ભવમાં જવાલપુરમાં શંખ નામે રાજાનો ભવ મળ્યો. આ તરફ પ્રાણ–પ્યારા પોપટના પ્રાણત્યાગ થતા પશ્ચાતાપ પામેલી મંત્રીપૂત્રીએ પણ ભાવાવેશમાં અગ્નિસ્નાન કરી નાંખ્યુ ને મરણ પછી તો તેણીનો ભવ દર્શાણ રાજાની પુત્રી કલાવતી રૂપે થયો. શંખ અને કલાવતી કુદરતના ક્રમે પરિચયમાં આવ્યા ને પ્રીતી થઈ, પતિ–પત્ની બન્યાં, ધર્મારાધના વડે પ્રગતિ સાધી ગયાં. ક્રમે મોક્ષે ગયા છે.

# (૩) અધિષ્ઠાયક કલિકુંડના

જંગલમાં જન્મ પણ પણ જંગલીપણાથી મુક્ત વિરાટકાય તે હાથી કલિકુંડ તિર્થનો અધિષ્ઠાયક દેવ બની ગયો, તે પ્રગતિકથા પણ ન્યારી છે.

પૂર્વભવમાં તે હાથીનો જીવ વામનકાય હતો. ઠીંગુજી તરીકે બદનામ, આત્મહત્યાના પાપથી બચી જઈ જૈન મુનિના સંપર્કથી સાધુતા પામ્યો. ઉગ્ર તપ આદર્યો પણ અજ્ઞાન દશામાં તપનું ફળ વિશાળ કાયા માટે નિયાણું કરી નાખ્યું. જેથી વિરાટ હસ્તિનો ભવ મળ્યો, અને કાદંબરી અટવીમાં મસ્ત બની વિચરણ કરવા લાગ્યો.

જોગાનુજોગ ત્રેવીસમાં તિર્થંકર પ્રભુ પાર્શ્વનાથજી તે વનમાં પધાર્યા. કલિ નામના પર્વતની બાજુમાં કુંડ નામના સરોવર કાંઠે કાઉસગ્ગ કરી ધ્યાન કરવા લાગ્યા ત્યારે તેમના દર્શનમાત્રથી હાથીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. પ્રભુની ભાવભરી ભક્તિ જળ અને પુષ્પોથી કરી પ્રભુએ વિહાર કરી દીધો. તે પછી જ તેમના દર્શનાર્થે ચંપા નગરીનો રાજા દધિવાહન ત્યાં રાજરસાલા સાથે આવ્યો, પણ પ્રભુને ન દેખી નિરાશ થયો છતાંય પરમાત્માની પાવન યાદમાં તેઓશ્રીના પાદસ્થાને નાનું સ્મૃતિ મંદિર બનાવ્યું ને પ્રભુ પાર્શ્વજીની નાની–મજાની પ્રતિમા પણ પદ્માસનસ્થ બેસાડી દીધી.

આ તરફ દેવકુલિકા જેવું મંદિર દેખી  હાથી પણ નિત્ય સવારે ત્યાં આવી પ્રભુ–પ્રતિમાની સેવા–પૂજા પુષ્પો લાવી લાવી કરવા લાગ્યો. દ્રવ્ય સાથેની ભાવ પૂજા અને ભક્તિ પ્રભાવે તે જ સરળ હાથી મૃત્યુ પછી દેવગતિ પામ્યો અને ક્ષેત્રમોહ તથા ભક્તિના અનુબંધના કારણે તે જ કલિકુંડ તીર્થની રક્ષા કરનાર અધિષ્ઠાયક દેવ થયો.

# (૪) કંબલ સંબલની દેવગતિ–પ્રભુભક્તિ

મથુરાના ચુસ્ત એક શ્રાવક દંપતીના ઘરે, તેમને ઘેર દૂધ વેચનાર ગોવાળ–ગોવાલણ ત્રણ વરસના સુંદર અને સુપુષ્ટ બળદો બાંધી ગયાં, અને પોતાની પુત્રીના કન્યાદાનમાં અપાયેલ ધન–ધાન્યની વળતર શ્રેષ્ઠીને વાળી આપી.

પણ આ તરફ પશુપાલનના ત્યાગવાળા શ્રાવકને દ્વિધા થઈ ગઈ તેથી શ્રાવિકાના સૂચન મુજબ ગોવાલણનું મન રાખવા જીવદયા ને અનુકંપા ભાવથી બેઉ બળદો પોતાના જ આંગણે સાચવી લીધા. નામ રાખ્યું કંબલ–સંબલ. શ્રેષ્ઠી સ્વયં સામાયિક–પૌષધમાં સમય વિતાવવા લાગ્યા, અને તે સમયે જે ધર્મ વાંચન વગેરે કરતાં તેના શબ્દો બળદને સંભળાય તેમ ઉચ્ચારણ કરતા તેમ થતાં બેઉ બાળ બળદો પણ ધર્મથી ભાવિત થઈ ગયા, અને સાધર્મિકની જેમ ધર્મમય જીવન જીવવા લાગ્યા.

એકદા ભંડીરવણ નામના યજ્ઞના ઉત્સવ વખતે શ્રેષ્ઠીને પૂછ્યા વગર જ કોઈક મિત્ર આ બે બળદો વાહનમાં જોડવા ઉપાડી ગયા. ગજા બહાર કામ લીધું. સુકુમાર અંગવાળા બળદો શ્રાંત–કલાંત દશામાં થાક્યાને સાંધા પણ તુટવા લાગ્યા. ચાબુક અને પરોણાની આરના માર થકી કાયા પણ રક્તરંજિત બની ગઈ, પછી તે જ મિત્ર બેઉ બળદને પાછા ઘેર મૂકી ગયો. પણ તે પછી બળદોએ આહાર પાણી ત્યાગી દીધા. મોઢામાંથી અતિશ્રમને કારણે ફીણ છુટવા લાગ્યાને શ્વાસ પણ અધર થઈ ગયા તેથી શેઠે પણ સમયસુચકતા વાપરી બેઉને ચારેય આહારનો ત્યાગ પચ્ચક્ખાણ દ્વારા કરાવી અંતે સમયોચિત ધર્મારાધના કરાવી નવકાર સંભળાવ્યા. જેના પ્રભાવે ઉપશાંત ભાવમાં જ મૃત્યુ પામી બેઉ બળદો નાગકુમાર તરીકે દેવો બની ગયા.

આ જ દેવોએ પ્રભુ વીરને ગંગા પાર થવા સુરભિપુર નિકટ નૌકામાં બેઠા હતા ત્યારે સુદષ્ટ નામના દુષ્ટ દેવના ઉપદ્રવથી સિદ્ધદંત નાવિક સાથે બેઠેલ મુસાફરોને બચાવી લીધા. પ્રભુના શાસનનો ધર્મ પામી દેવ બનેલ બેઉએ પ્રભુભક્તિ પ્રભુરક્ષાના રૂપે કરી હતી.

# (૫) હાથીની ગતિ–પ્રગતિ

મેરૂપ્રભ નામનો વિશાળકાય હાથી નદીના કીચડમાં સપડાઈ ગયો. જેમ જેમ જોર લગાવે તેમ તેમ પગથી ખૂંપવા લાગ્યો અને અંતે બેહાલ દશાનું મોત પણ પામ્યો. તરત પછીનો ભવ પણ હાથી રૂપે મળ્યો. સ્વસ્થાને ભમતાં–ભટકતાં જાતિ–સ્મરણ જ્ઞાન થયું જેથી દાવાનળથી બચવા વૃક્ષ વિનાના સ્થાને એક યોજન પ્રમાણ માંડલું બનાવ્યું, અને વારંવાર તેમાં આવી ભ્રમણ કરવા લાગ્યો. અચાનક એક દિવસ પૂર્વધારણા મુજબ જ આગ લાગી ગઈ.

આગ અઢી દિવસ ચાલી, જેથી બચવા તે માંડલામાં નાનાં– મોટા પશુ પંખીઓ આવી ખીચોખીચ ગોઠવાઈ ગયાં. તેમાંય એક સસલું તો હાથીએ ખણજ દૂર કરવા ઉપાડેલ એક પગ નીચે આવી બેસી ગયું. જેથી તેની રક્ષા આ હાથીએ પોતાની ફરજ માની લાગટ ૫૫–૬૦ કલાક સુધી જીવદયાનો પ્રધાન કરી પગ ઉંચો રાખીને કરી. આગ ઠરતાં જ બધાય પલાયન થી ગયા ને ત્યરો હાથીએ પગ નીચે મૂકવા પ્રયત્ન કરતાં જ વાતદોષથી માંસલ કાયા અકડાઈ જતાં સંતુલન ગુમાવ્યું. પછડાટ સાથે પડતાં જ કાયામાં વેદના વ્યાપી ગઈ. અને આયુ ખૂટતાં વેદનામય સ્થિતિમાં પણ સમતા સાચવી મરણને શરણ થયો.

પણ જીવદયાની દેવીએ નવો જન્મ આપી દીધો હતો રાજા શ્રેણિકને ત્યાં, જેથી ધારિણી થકી જન્મ લઈ મેઘકુમાર નામે રાજપુત્ર બન્યો. જૈન ધર્મ મળ્યો, સુખ–સાહિબી અને આઠ–આઠ સુંદર સ્રીઓ. પણ તે બધાય વચ્ચે અલિપ્ત રહી પિતાની આજ્ઞા પાળવા ફક્ત એક દિવસનું રાજ ભોગવી ચારિત્ર લીધું. સુંદર ચારિત્રાચાર પાળી છેક અનુત્તર દેવલોકના સુખને મેળવી લીધો, અને આળતા ભવે તો મોક્ષ પણ નિશ્ચિત છે.

# (૬) પટ્ટહસ્તીની પ્રકર્ષ વફાદારી

યજ્ઞકરતા બ્રાહ્મણનો, સાધુ દાન પ્રેમી નોકર મરણ પછી રાજા શ્રેણિકનો પુત્ર નંદિષેણ થયો. જ્યારે તે જ યજમાન યજ્ઞપ્રેમી બ્રાહ્મણ ચિત્ર વિચિત્ર ગતિઓ પછી ગાઢ જંગલમાં એક હાથિણીના પેટે નર હાથી તરીકે જન્મ્યો.

તેની માતાએ તેની રક્ષા માટે એક આશ્રમના એકાંતમાં જન્મ આપ્યો હતો, અને છૂપી રીતે તેને ઉછેરતી હતી. આ બાળહસ્તી તાપસોને સિંચન કરતા જોઈ પોતે પણ સૂંઢમાં પાણી લઈ આમ્રવૃક્ષોનું સિંચન કરવા લાગ્યો, જેથી સૌએ મળી તેનું નામ સેચનક રાખ્યું.

એકવાર ઉન્માદ દશામાં આશ્રમમાં જ વૃક્ષો, ક્યારાઓ, ઝુપડીઓનો નાશ કર્યો તેથી તાપસોએ તર્જના–તિરસ્કાર કર્યા. તે પછી ક્રોધાવેશમાં આલાનસ્તંભ ઉખેડી નાખી જંગલમાં ભાગ્યો, જ્યાં શ્રેણિક પૂત્ર નંદિષેણને દેખતાં જ પૂર્વ ભવના ઋણાનુબંધથી શાંત થઈ ગયો અને સ્વેચ્છાએ હસ્તી શાળાના બંધનો સ્વીકારી લીધાં.

આ તેજ હાથી જે શ્રેણિકને અનેક યુદ્ધમાં વિજય અપાવી પટ્ટહસ્તી બન્યો, વિવિધ શોભાયાત્રામાં મુખ્ય રહ્યો અને જેને જળતંતુથી મુક્ત કરવા અભયકુમારે જળકાંતમણિનો પ્રયોગ કરી બચાવ્યો. પોતાનો ઉત્તરકાળ જાણી શ્રેણિકે આ જ હાથી હલ્લ–વિહલ્લને ભેટરૂપે આપી દીધો, જે મેળવવા જ્યારે રાજવીના મરણ પછી કૂણિકે ચેડા રાજા સાથે મહાસંગ્રામ છેડી નાંખ્યો. જેમાં વિજય મેળવવા જ્યારે છળ–કપટથી આજ હાથીને મારી નાખવા અંગારા યુક્ત ખાઈ કૂણિકે રચાવી ત્યારે વિશિષ્ટ જ્ઞાનથી તે ભૂમિ ઓળંગતાપૂર્વે જ ભયંકરતા જાણી પોતાના પાલક હલ્લ–વિહલ્લને બચાવી લેવા પરાણે પીઠ ઉપરથી ઉતાર્યા, બચાવ્યા અને સ્વયં સેચનકે છૂપી ખાઈ ઓળંગવાના નામે તે જ ખાઈમાં ઝંપાપાત કરી મૃત્યુ મેળવી આદર્શ વફાદારી પ્રસ્તુત કરી દીધી છે.

# (૭) વિવિધ પશુ પંખીઓની વિધવિધ વિશેષતાઓ

આવી જ રીતે અનેક સત્ય પ્રસંગોને નોંધમાં લઈ માનવ જેવી મેધાવી શક્તિનો પરિચય આપનાર તિર્યંચનો પણ ધર્મ પુરૂષાર્થ મહાપુરૂષોએ પ્રશંસ્યો છે, શાસ્રોમાં ઉલ્લેખ કરી તેમાંનીય પ્રેરણા લેવા હિત સૂચન કર્યું છે.

જે માટે જ તો ચંડકૌશિક જેવા પ્રચંડ દ્દષ્ટિવિષ નાગની ઝેરીલી આગ ઓકાવવા સાવ નિર્ભય બની પ્રભુ વીર અરણ્યમાં ગયા, ડંખ ખાધા, બદલામાં અમિદ્દષ્ટિ આપી, બોધ કરાવ્યો. પ્રભુકૃપાથી શાંત બનેલો તે ભુજંગ પંદર દિવસની સાધના થકી છેક આઠમા દેવલોકે સિધાવી ગયો. એટલું જ નહિં, પ્રભુના નિમિત્તે દેડકાં જેવા તિર્યંચોને પણ દેવગતિ મળી છે.

- પ્રભુ પાર્શ્વનાથ થકી કુમારાવસ્થા વખતે સમાધિને પામી બળતો નાગ પણ નવકાર પ્રભાવે છેક ઈન્દ્રની પદવી પામી ધરણેન્દ્ર દેવ બની ગયો છે, આજેય જાગૃત દેવ ગણાય છે.
- પ્રભુ નેમિનાથજીએ તો મૂક પશુ–પંખીઓમાં પણ ધર્મભાવનાનો અંશ, પ્રગતિની પૂરતી શક્યતા વગેરે સ્પષ્ટ જણાવવા પશુઓના જીવસુખ માટે સ્વયંનું લગ્નસુખ જતુ કર્યું છે.
- પ્રભુ મુનિસુવ્રતસ્વામી કેવળજ્ઞાન પછી પણ પૂર્વભવના મિત્રને ઘોડા તરીકે જાણી તેને યજ્ઞ હિંસાથી બચાવવા રાતોરાત ઉગ્ર વિહાર કરે, બોધ આપી ધર્મ પ્રદાન કરે અને સ્વર્ગે પણ મોકલે. તેમાં પણ તે તે જીવોનો પોતાનો પૂણ્યોદયકાળ કહી શકાય.
- સમડી મરી નવકાર પ્રભાવે સુદર્શના નામે રાજકુંવરી બને, વાંદરો મરી દેવ બને, પાડો પણ ધર્મ પામી સ્વર્ગે જાય કે પાણીના પોરા રૂપે જન્મેલ તુચ્છ દશાના જીવો જો જૈનધર્મી જયણા થકી વૃક્ષ ઉપર યક્ષાત્મા બને તે વાતો આજના કાળમાં અતિશયોક્તિ જેવી ભલે લાગે, પણ સત્ય કંઈ અસત્ય ન બને. અન્યથા કાંટાળી વનસ્પતિ થકી થયેલ વેદનાને સમભાવે સહી સહેનાર વનસ્પતિનો જીવ સીધો માતા મરૂદેવા બને અને તે જ ભવમાં તિર્થંકરની માતા ઉપરાંત પ્રથમ મોક્ષ સાધનારનું બિરૂદ મેળવે કેવી રીતે ?

પ્રાંતે સારમાં એટલું જ કે ધર્મ પસાયે જ પ્રગતિ છે, માટે જ જૈન મુનિવરો ક્ષુદ્ર ગણાતા જીવોમાં ઉચ્ચતાના દર્શન કરી તેમની યાતના–જયણા તો કરે જ છે, ઉપરાંત મરણ–સમાધિ અપાવવામાં પણ લગીર ક્ષોભ નથી અનુભવતા.